# ગુજરાતી

# (૩૦૭)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

---

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 'શામળો ઘરેણું' કવિતામાં 'હરિને ચરણે જાચું રે.' પંક્તિ છે. તેમાં 'જાચું' શબ્દમાં 'જ'ની જગ્યાએ કયો અક્ષર મૂળ શબ્દમાં હશે તે લખો. આ જ કવિતામાંથી એવો બીજો શબ્દ શોધીને લખો.

(પાઠ–૦૨ જુઓ)

(બ) 'પુષ્પતણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?' એ પ્રશ્નનો જવાબ શો છે?

(પાઠ–૦૩ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 'છકડો છકડો રહ્યો જ નહી. – તો છકડો શું થઈ ગયો?

(પાઠ–૦૪ જુઓ)

(બ) રાજીમા ઘર વેચવાની કેમ ના પાડે છે?

(પાઠ–૦૫ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) મોદીખાનાની દુકાનવાળા કૌશિકને ગામમાં 'કૌસિક કિલો'ને નામે કેમ બોલાવે છે?

(પાઠ – ૦૬ જુઓ)

(બ) ગોપાલભાય ચિત્રકારની સાથે રાણીને મળવા શા કારણે જઈ શક્યા નથી?

(પાઠ – ૦૬ જુઓ)

૪. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (ગુણ: ૪)

(અ) 'રણવીર' એ કયો સમાસ છે?

૧. કર્મધારય　　૨. સપ્તમી તત્પુરુષ
૩. મધ્યમપદ લોપી　　૪. દ્વન્દ્વ

(પાઠ–૫ જુઓ)

(બ) 'વાત્ય હમજો કે ઈ બેલ મઘરાં મસલાં જ નેત.' એ વાક્યનું માન્ય ગુજરાતી શું થાય?

૧. વાયુ સમજો કે તે બેલ (બળો) મગરો કે માછલાં જ નથી.

૨. વાત સમજો કે તે બેલ (માછલી) કૂકડાનું માંસ જ નથી.

૩. વાત સમજો કે તે બેલ (માછલી) મગરો કે માછલાં જ નથી.

૪. વાત સમજો કે તે બેલ (પેટ્રોલનું) કૂકડા કે માછલાં જ નથી.

(પાઠ–૬ જુઓ)

(ક) ધર્મમાં ઘણી શ્રદ્ધાવાળા પદ માટે નીચેનામાંથી કયો શબ્દ ઉચિત ગણાય?

૧. શ્રદ્ધાળુ      ૨. આસ્થાળુ

૩. આસ્તિક      ૪. ધાર્મિક

(પાઠ–૭ જુઓ)

(ડ) 'ખડે પગે રહેવું' – એ રૂઢિપ્રયોગનો નીચેનામાંથી કયો અર્થ કરશો?

૧. સતત તૈયાર રહેવું.

૨. પગ ઉપર ઊભા રહેવું.

૩. પગ ખડેલો હોવો.

૪. ખાડામાં પગ સાથે રહેવું.

(પાઠ–૮ જુઓ)

૫. નીચે દર્શાવેલામાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) 'દીવો ના બૂઝે' માં માનવજીવનની ઉપાધિઓનાં મૂળ શામાં બતાવ્યાં છે?

(પાઠ–૮ જુઓ)

(બ) કરકસર અને કંજૂસાઈ વચ્ચેનો તફાવત 'દીવો ના બૂઝે'ને આધારે સ્પષ્ટ કરો.

(પાઠ–૮ (૭) જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એકનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૬)

(અ) આતંકવાદ

(પાઠ–૯ જુઓ)

(બ) પાણી બચાવો, પાણી તમને બચાવશે.

(પાઠ–૯ જુઓ)

——— ××× ———